# Visit of External Affairs Minister to the Arab Republic of Egypt (October 15-16, 2022)

# વિદેશ મંત્રીની આરબ ગણરાજ્ય ઈજીપ્તની મુલાકાત (15-16 ઓક્ટોબર, 2022)

13 ઓક્ટોબર, 2022

ઈજીપ્તનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રીમાન સામેહ હસન શોકરીનાં આમંત્રણ પર, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર 15-16 ઓક્ટોબર 2022 નાં રોજ આરબ ગણરાજ્ય ઈજીપ્તની અધિકૃત મુલાકાત લેશે. આ તેઓની ઈજીપ્તની પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત હશે.

2. આ મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રી ઈજીપ્તનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રીમાન સામેહ શોકરી સાથે પારસ્પરિક હિતનાં શ્રેણીબદ્ધ દ્વિપક્ષીય, પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓની ચર્ચા કરશે.

3. વિદેશ મંત્રી વિદ્યાર્થીઓ સહિત ઈજીપ્તમાં સ્થિત ભારતીય સમુદાય સાથે સંવાદ કરશે, અને ઈજીપ્તનાં અને ભારતીય વ્યાપારી સમુદાયનાં મેળાવડાને સંબોધિત કરશે.

4. ભારત અને ઈજીપ્ત ઐતિહાસિક અને સાંસ્કૃતિક જોડાણો દ્વારા સુદ્દઢ થયેલા ઐતિહાસિક રીતે સ્નેહપૂર્ણ અને મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે. આ વર્ષે બન્ને દેશો રાજદ્દ્વારી સંબંધોની સ્થાપનાનાં 75 વર્ષની ઉજવણી કરી રહ્યા છે. 2022-23 માં G-20 ની ભારતની અધ્યક્ષતા દરમિયાન ઈજીપ્તને 'મહેમાન દેશ' તરીકે આમંત્રણ આપવામાં આવ્યું છે.

5. ઈજીપ્ત આફ્રિકામાં ભારતનાં સૌથી મોટા વ્યાપારી ભાગીદારો પૈકી એક છે અને આ મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય વ્યાપાર, વાણિજ્ય અને રોકાણોનો પ્રચાર ધ્યાન કેન્દ્રિત કરવાનાં ક્ષેત્રો પૈકી હશે. નાણાકીય વર્ષ 2021-22 દરમિયાન ભારત-ઈજીપ્ત દ્વિપક્ષીય વ્યાપારે 7.26 બિલિયન યુએસ ડોલરની રેકોર્ડ ઉંચાઈનો સ્પર્શ કર્યો હતો. ઈજીપ્તમાં ભારતીય રોકાણ 3.15 બિલિયન યુએસ ડોલર કરતા વધારે છે. મેન્યુફેક્ચરિંગ, રસાયણો, ઊર્જા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રીટેઈલ વગેરે જેવાં શ્રેણીબદ્દ્ધ ક્ષેત્રોમાં 50 કરતા વધારે ભારતીય કંપનીઓ સક્રિય રીતે ઈજીપ્તમાં હાજરી ધરાવે છે.

6. વિદેશ મંત્રીની ઈજીપ્તની મુલાકાત આપણા દ્વિપક્ષીય અને બહુપક્ષીય સંબંધોની તમામ બાબતોની સમીક્ષા કરવાની અને પારસ્પરિક હિતનાં મુદ્દાઓની સમગ્ર શ્રેણી આવરી લેતા દ્રષ્ટિકોણોનું ઈજીપ્તની આગેવાની સાથે આદાનપ્રદાન કરવાની તક પ્રદાન કરશે. આ મુલાકાત દ્વિપક્ષીય ભાગીદારીમાં સહકાર ગહન કરવાની અને નવી પહેલની ખોજ કરવાની તક પ્રદાન કરે છે.

**નવી દિલ્હી**
**13 ઓક્ટોબર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.